## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો... દર્શન કરીને... ભાગવતમાં રણછોડ કેમ કહેવાયા અને કેવી રીતે ભાગી ગયા તે અધ્યાય વાંચીને જુગાર રમવા જાવ... રેડ પડે તો કામ લાગશે...!!

# જિલ્લાના તમામ ગામોમાં ૨૯થી મેલેરિયા અંગે સર્વેલન્સ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૨૯ ઓગષ્ટથી ૩જી સપ્ટેમ્બર દરમ્યાન જિલ્લાના તમામ ગામોમાં મેલેરિયા અંગેનું સર્વેલન્સ હાથ ધરવામાં આવશે. રાજયના આરોગ્ય કમિશનરશ્રી દ્વારા ખાસ ઝુંબેશ મેલેરિયાના કેસો શોધી કાઢવા માટે અભિયાન રાજયભરમાં હાથ ધરવાની આપવામાં આવેલ સૂચના અન્વયે જિલ્લામાં આ અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી અને મેલેરિયા અધિકારી સુશ્રી મમતા દત્તાણીએ જણાવ્યું હતું કે આ સર્વેલન્સમાં જિલ્લાના ૩૦૨ ગામોને આવરી લેવામાં આવશે. આ સર્વેલન્સ અંગે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પાસેથી માઈક્રો પ્લાનીંગ માંગવામાં આવ્યુ છે.

### ૧૨૦૦થી વધુ કર્મચારીઓ દ્વારા સર્વેલન્સ કરાશે : રાજયમાં સર્વેલન્સનું સીધુ મોનીટરીંગ આરોગ્ય કમિશનર પોતે કરશે

આ સર્વેલન્સની રોજેરોજની વિગતોનું રાજયકક્ષાએ રિપોર્ટીંગ કરવામાં આવશે તે પણ આ સર્વેલન્સનું મહત્વનું પાસુ છે.

આ સર્વેલન્સની કામગીરી મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થવર્કર, આશાબહેનો દ્વારા કરવામાં આવનાર છે. આ માટેનું માઈક્રો પ્લાનીંગ ચાલી રહ્યું છે. આ ત્રણેય સંવર્ગમાં જિલ્લામાં ૧૨૦૦થી વધુ કર્મચારીઓ હાલ ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓ પર આયુષ મેડીકલ ઓફિસરો દ્વારા સુપરવીઝન કરવામાં આવશે. આ ઉપરાંત મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર પર સુપરવિઝનની કામગીરી કરશે. તાલુકા આરોગ્ય અધિકારી અને મેડીકલ ઓફિસરો પણ સુપરવિઝન સર્વેલન્સનું કરશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૧૨ લાખથી વધુ વસ્તીને આ સર્વેલન્સમાં આવરી લેવામાં આવશે. આ પ્રથમ રાઉન્ડ બાદ આવો બીજો રાઉન્ડ સપ્ટેમ્બરના અંતમાં પણ યોજાશે.

રાજયના આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગો માટે નોટીફીકેશન જારી કરાયા પછી તંત્ર હવે વધુ ગંભીર બન્યુ છે અને રાજયમાં કામગીરીને લઈ કોઈ કચાશ ના રહે તે માટે આખી કવાયત હાથ ધરવામાં આવી છે. આ વખતે શહેરી વિસ્તારો ઉપરાંત બનાસકાંઠા તેમજ અન્ય જિલ્લાઓમાં જે રીતે વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્ર વધુ ગંભીર બન્યુ છે અને તેથી જ આ સર્વેલન્સનું સીધુ મોનીટરીંગ આરોગ્ય કમિશનર જાતે કરશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં ગઈકાલે રાજકીય ગતિવિધિઓ તેની ચરમસીમા પર હતી આ પછી આજે સંપૂર્ણ શાંતિ પ્રવર્તતી જોવા મળી હતી.
- ભારતીય કિસાન સંઘ દ્વારા સજીવ ખેતી પર એક મહત્વનો સેમિનાર પેથાપુર-રાંધેજા માર્ગ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજવામાં આવ્યો છે.
- ગાંધીનગરમાં પંચદેવ મંદિર ખાતે જન્માષ્ટમીના મેળાની પૂર્વ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.
- ગાંધીનગરમાં આવેલી વિવિધ સરકારી કચેરીઓમાં હવે રખડતા પશુઓ ઘુસી જતા હોવાથી કચેરીના સલામતી ગાર્ડો પણ ત્રાસી ઉઠ્યા છે.
- વિધાનસભાનું સત્ર સંપન્ન થતાં વિધાનસભા સચિવાલય શુક્રવારે રજા પાળશે.
- બનાસકાંઠા જિલ્લામાં મેલેરિયાના કેસો વધતાં ઉત્તર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી કર્મચારીઓને પ્રતિ નિયુક્તી પર ફરજ માટે મુકવામાં આવ્યા.
- ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચકતુ આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.
- ગાંધીનગર જિલ્લામાં શ્રાવણ માસ તેના અંતિમ ચરણમાં હોવાથી શિવભક્તોમાં ભક્તિનું ઘોડાપુર જોવા મળી રહ્યું છે.

# સે. ૨૫ની સૂર્યનારાયણ સોસાયટીમાં કોલેરાનો પોઝીટીવ કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ની સૂર્યનારાયણ સોસાયટીમાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળી આવતાં શહેરનું આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. આ એક જ માસમાં કોલેરાના પાંચ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરના સે. ૨૫માં આવેલ સૂર્યનારાયણ સોસાયટીની એક ૩૨ વર્ષીય મહિલાને આજે કોલેરા પોઝીટીવ જણાયો છે. આ મહિલા મંગળવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઝાડા-ઉલ્ટી વધી જતાં દાખલ થઈ હતી અને સારવાર દરમ્યાન તેમના નમુના તપાસમાં મોકલતાં આજે કોલેરા પોઝીટીવ આવ્યો છે.

આ મહિલા ગત સપ્તાહે જ ઈન્દોર જઈ પરત ફર્યા છે. આ મહિલાના પરિવારમાં કે આસપાસના રહીશોમાં કોઈને પણ ઝાડા-ઉલ્ટી કે સાદો તાવ હોવાનું જણાયુ નથી. જોકે

### વાહકજન્ય રોગચાળાના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે : છેલ્લા પખવાડિયામાં ૧૦ મેલેરિયા અને ૩ ડેન્ગ્યુના કેસ નોંધાયા

શહેરના આરોગ્ય તંત્રએ સર્વેલન્સના આદેશો આપી દીધા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મહિલાની તબિયત હાલ સુધારા પર છે.

ગાંધીનગર શહેરના ગોકુલપુરા નજીક આવેલ વિસ્થાપિતોની વસાહતમાંથી ૪ જેટલા કોલેરા પોઝીટીવ કેસ મળી આવ્યા હતા. ગાંધીનગર શહેરમાં પાણીજન્ય રોગચાળાના કેસો વધતાં તંત્રએ હવે આગામી દિવસોમાં લોકજાગૃતિનું અભિયાન સઘન બનાવવા અંગેની વિચારણા હાથ ધરી છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળો પણ ધીમી ગતિએ માથુ ઉંચકી રહ્યો છે. શહેરમાં છેલ્લા પખવાડિયામાં ત્રણ જેટલા ડેન્ગ્યુના કેસ નોંધાયા છે તો મેલેરિયાના પણ ૧૦થી વધુ કેસ નોંધાયા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળી રહેલ છે. શહેરમાં વાહકજન્ય રોગચાળાને નાથવા માટે તંત્રએ આ વખતે પોરાનાશક કામગીરી પર પહેલેથી ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. પરંતુ હાલનું વાતાવરણ મચ્છરની ઉત્પત્તિ માટે સૌથી વધુ સાનુકૂળ છે તેમજ ત્રણ હજારથી વધુ જગ્યાઓ પર પાણી ભરાઈ રહેતુ હોવાની વાતોથી મેલેરિયા તંત્રની કામગીરી વધી ગઈ છે. શહેરમાં કન્સ્ટ્રક્શન સાઈટો પણ ચાલુ હોવાથી આ વખતે તંત્ર તેની કામગીરીમાં કોઈ કચાશ રાખવાના મૂડમાં નથી.




**જય કનૈયા લાલ કી... :** જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ કૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓ ઘેર ઘેર થવા લાગી હતી. નાના બાળકો કૃષ્ણ અને રાધાના પરિવેશનમાં અદ્‌ભુત ભૂમિકા અદા કરતા નજરે પડતા હતા. લોકનાયક કૃષ્ણનો જન્મોત્સવ લોકોત્સવ તરીકે ઉજવાય છે. ક્યાંક રાસ - ગરબા તો ક્યાંક કલાત્મક અભિવ્યક્તિના આયોજનો થાય છે. સેક્ટર-૭ રંગોલી પ્રિ સ્કૂલ ખાતે કૃષ્ણ જન્મોત્સવ બાળકોએ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો.



સેક્ટર-૨૮ દત્ત મંદિર ખાતે આનંદનો ગરબો યોજાયો હતો. માતાજીની આરાધનામાં મોટી સંખ્યામાં મહિલા ભાવિકો જોડાયા હતા. દત્ત મંદિર ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે.

# શહેરમાં છેલ્લા ત્રણ માસથી ૨૦ના સ્ટેમ્પની અછત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ માસથી રૂ.૨૦ના સ્ટેમ્પની અછત સર્જાઈ છે. ગાંધીનગરમાં માત્ર ગણ્યાંગાંઠ્યા રૂ.૨૦ના સ્ટેમ્પ માત્ર પોસ્ટ ઓફીસમાં મળે છે. જેથી વિવિધ સોગંધનામા માટે આવતા નાગરીકોને રૂ.૫૦ કે તેથી વધુ રકમનો સ્ટેમ્પ ખરીદી કરવાની ફરજ પડે છે. જયારે સ્ટેમ્પ વેન્ડરોને પણ માત્ર અઠવાડીયામાં ચલણ ભરવા અને સ્ટેમ્પ ખરીદી માટે ફીકસ દિવસો રાખ્યા હોવાથી આ પરિસ્થિતી ઉભી થવા પામી છે. આવા બાધથી સરકારની આવકમાં ઘટાડો થવા પામે છે. જયારે સમગ્ર ગુજરાતના જિલ્લામાં રૂ.૨૦ના સ્ટેમ્પ સરળતાથી મળી

### ગાંધીનગર શહેરમાં અંદાજે ૧૧ સ્ટેમ્પ વેન્ડર છે. જેમાં ૬ એમ.એસ બિલ્ડીંગમાં તેમજ અન્ય વેન્ડર કોર્ટમાં બેસે છે. હજ્જારો રૂપિયાનું મૂડીરોકાણ કરતા વેન્ડરોને માત્ર ૩ ટકા કમિશન મળે છે. આ કમિશન વધારવા અંગે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી

રહે છે ત્યારે માત્ર રાજયના પાટનગરમાં રૂ.૨૦ના સ્ટેમ્પની અછત ઉભી થતા નાગરીકોમાં રોષ જોવા મળ્યો છે.

જયાંથી સમગ્ર રાજયમાં સ્ટેમ્પ પહોંચાડવામાં આવે છે તે પાટનગરમાં જ છેલ્લા ત્રણ માસથી રૂ.૨૦ના સ્ટેમ્પની અછત ઉભી થઈ છે. કલેકટર કચેરી તેમજ અન્ય સરકારી કામકાજ અર્થે આવતા નાગરીકોને સોગંદનામામાં રૂ.૨૦નો સ્ટેમ્પ અત્યંત જરુરી બની રહે છે. ત્યારે સ્ટેમ્પ ડયુટી નોંધણી અધિકારી બેસતા હોય ત્યાં આ ફરિયાદ નાગરીકોમાં ઉઠવા પામી છે. આ અંગે આધારભુત સુત્રોએ જણાવ્યું હતું કે તેઓની પાસે અઠવાડીયામાં બે દિવસ સ્ટેમ્પ લેવાના હોય છે. ટ્રેઝરી કચેરીમાં સોમવારે ચલણ ભરીયે ત્યારે ગુરુવારે સ્ટેમ્પ મળે, જયારે બુધવારે ચલણ ભરીયે તો શુક્રવારે મળે, જયારે રૂ.૨૦ના સ્ટેમ્પની માંગ હોવા છતા ત્રણ માસથી મળતા નથી. માત્ર પોસ્ટ ઓફીસમાં આપવામાં આવે છે. સ્ટેમ્પ માટેના ધારધોરણને પગલે સરકારી આવક બંધ થાય છે. બાધ ન હોય તો ગમે ત્યારે સ્ટેમ્પ વેન્ડરો તેમજ નાગરીકોને આસાનીથી સ્ટેમ્પ મળી રહે તેવી જોગવાઈ હોવી જોઈએ. ગાંધીનગરમાં રૂ.૨૦ના સ્ટેમ્પની અછત ઝડપી દુર થાય તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

## કૃષ્ણ જન્માષ્ટમી પર્વની શુભેચ્છા પાઠવતા રાજયપાલ અને મુખ્યમંત્રી

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જન્માષ્ટમીના પાવન પર્વ પર રાજયના સૌ નાગરિકોને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ પરમ આસ્થા અને ભક્તિભાવથી ઉજવવામાં આવે છે.

મુખ્યમંત્રી રૂપાણીએ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પર્વની ગુજરાતના નાગરિકોને શુભકામના પાઠવી છે. ગુજરાત કૃષ્ણ ભક્ત છે. ભગવાન શ્રીકૃષ્ણની વિશ્રાંતિકાળની ભૂમિ, ગુજરાતમાં જન્માષ્ટમીનો તહેવાર એ પ્રકૃતિની સાથે પ્રેમનો સંબંધ સજીવન કરતો જનઉત્સવ છે. આતતાયીઓના દમન અને અન્યાયનો પ્રતિકાર કરવાનું કૃષ્ણ જીવનદર્શન આજે પણ પ્રસ્તુત છે, એમ તેમણે કૃષ્ણ જન્મોત્સવની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું છે.

## રાજપૂત સમાજના ઉપપ્રમુખપદે મહેશસિંહ રાઓલ



ગાંધીનગર રાજપૂત સમાજના ઉપપ્રમુખ તરીકે ગાંધીનગર શહેરના ભાજપના પૂર્વ મહામંત્રી અને વેપારી આગેવાન શ્રી મહેશસિંહ રાઓલની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત પંચશીલ પાર્ક, સે-૨૧ના પ્રમુખપદે સતત ત્રીજી ટર્મ માટે તેમની વરણી કરવામાં આવતા ગાંધીનગર રાજપૂત સમાજ, પંચશીલ પાર્ક સોસાયટીના વસાહતીઓ તથા ભાજપના અગ્રાણીઓ અને કાર્યકર્તાઓએ તેઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.



વૈજનાથ મહાદેવ મંદિર, સે-૨૧ ખાતે શીતળા સાતમની પૂજા યોજાઈ હતી. મોટી સંખ્યામાં બહેનોએ આ પૂજામાં ભાગ લેતા મંદિરમાં આખો દિવસ ભારે ભીડ રહી હતી.

## ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક યોજાશે

ગાંધી મિત્ર વર્તુળ દ્વારા આગામી તા. ૨૭ ઓગષ્ટને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન વાસ્તુનિર્માણ સોસાયટી સેક્ટર-૨૨ ખાતે માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ગાંધીજનોને ઉપસ્થિત રહેવા સહમંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

## લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોજાશે

તાવરિયાજી ગૃપ દ્વારા આગામી તા. ૨૬થી ૨૮ ઓગષ્ટ દરમિયાન સવારે ૮ કલાકે બલરામ મંદિર, સેક્ટર-૧૨ ખાતે નિઃશુલ્કપણે નિર્દિષ્ટ લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ દર માસના છેલ્લા શુક્ર, શનિ, રવિ દરમ્યાન નિયમિતપણે યોજાય છે. આ નિઃશુલ્ક કાર્યક્રમનો લાભ લેવા તમામ નગરજનોને જણાવાયું છે.

## ગુજરાત રાવળ યોગી પ્રગતિ મંડળના હોદેદારોની નિમણુંક કરાઈ

ગુજરાત રાવળયોગી પ્રગતિ મંડળ (ચોરાસીગોળ)ની સામાન્ય સભા તાજેતરમાં હરસોલી ખાતે રાવળયોગી સમાજના યજમાન પદે નકળંગ ધામમાં યોજાઈ હતી. જેમાં ગુજરાત રાવળ યોગી પ્રગતિ મંડળના પ્રમુખ અને હોદેદારોની વરણી કરવામાં આવી હતી. બેઠકમાં પૂર્વ પ્રમુખને વધુ એક ટર્મ માટે કાર્યરત રહેવા જણાવાયું હતું અને બહુમતિથી પ્રમુખ તરીકે કતાભાઈ મગનભાઈ રાવળ ઉદયનગરની નિમણુંક કરાઈ હતી. ઉપ પ્રમુખ તરીકે ગોબરભાઈ આંબલીયારા પોપાટભાઈ પ્રસુંજ, મહામંત્રી તરીકે ગાંડાભાઈ હરસોલી, મંત્રી તરીકે ગોવિંદભાઈ જી. મુવાડી, સહમંત્રી તરીકે પ્રહલાદભાઈ વલાદ, ઓડીટર તરીકે બાબુભાઈ ઈસનપુરમોટા, ખજાનચી તરીકે અમૃતભાઈ અ. મુવાડા, શિક્ષણ પ્રમુખ તરીકે ડાહ્યાભાઈ બહીયલ, શિક્ષણમંત્રી તરીકે આત્મારામ જી. મુવાડી, ન્યાય સમિતિ પ્રમુખ તરીકે હરજીભાઈ ચેખલારાણી, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ દહેગામ, મંત્રી તરીકે બાબુભાઈ વહેલાલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in